આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૦૫-૧૦-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## પ્રધાનમત્રી-કિસાન સન્માન નિધિ યોજના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના વાશિમ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ **(PM-KISAN)** યોજનાના **18**મો હપ્તો જમા કરાવશે. દેશનાં **9** કરોડ 40 લાખથી વધુ ખેડૂતોનાં ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા **20** હજાર કરોડ રૂપિયાથી વધુની રકમ જમા થશે. આ પ્રસંગે**,** શ્રી મોદી નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાના **5**મા હપ્તા હેઠળ મહારાષ્ટ્રના ખેડૂતોને આશરે બે હજાર કરોડ રૂપિયાનાં વધારાનો લાભ પણ જારી કરશે. શ્રી મોદી એગ્રીકલ્ચરલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફન્ડ હેઠળ એક હજાર 920 કરોડોનાં વિવિધ પ્રોજેક્ટ્સ પણ સમર્પિત કરશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-ઈકોનોમિક કોન્કલેવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે દેશ રિફોર્મ**,** પર્ફોમ અને ટ્રાન્સફોર્મનાં મંત્ર સાથે આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યું કે ભારત આજે વિશ્વમાં સૌથી ઝડપથી વૃધ્ધિ કરી રહેલું અર્થતંત્ર છે અને તમામ વૈશ્વિક સંસ્થાઓએ ભારતનો સાત ટકાનો વૃધ્ધિ દર અંદાજ્યો છે.

નવી દિલ્હીમાં ત્રીજી કૌટિલ્ય ઇકોનોમિક કોન્કલેવને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું કે**,** આ કોન્ક્લેવ એવા સમયે યોજાઈ રહી છે જ્યારે વિશ્વનાં બે મોટાં પ્રદેશોમાં યુધ્ધની પરિસ્થિતિ છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-માંડવી ખાતેથી વિકાસ કામોની ભેટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માંડવી તાલુકાના મસ્કા ખાતે ૨૦ કરોડ રૂ. ના ખર્ચે અત્યાધુનિક ટેકનોલોજી અને રસપ્રદ આકર્ષણો સાથે આધુનીકરણ પામેલ શ્યામજી કૃષ્ણ વર્મા સ્મારક – ક્રાંતિતીર્થનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ઇન્ડિયા હાઉસ અને વીરાંજલી ગેલેરીનું પુન:નિમાર્ણ, અદ્યતન આર્કિટેકચરલ લાઇટિંગ અને મુલાકાતીઓ માટે ઉમેરાયેલી લિફ્ટ જેવી સુવિધાઓ નિહાળી હતી.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ૧૨૩ કરોડ રૂ.થી વધુના કુલ ૧૬ વિકાસકામોની કચ્છવાસીઓને ભેટ આપી હતી. જેમાં ૩૪.૫૬ કરોડ રૂ.ના કુલ ૭ કામોનું ઈ-ખાતમુહૂર્ત તેમજ ૮૯.૨૧ કરોડ રૂ.ના ૯ કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

કચ્છમાં પ્રવાસનનો વિકાસ થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર હર હંમેશા સમર્પિત છે તેમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, એશિયાના સૌથી મોટા હાઇબ્રિડ ગ્રીન એનર્જી પાર્કનું કચ્છમાં નિર્માણ થવા જઈ રહ્યું છે તો WTO દ્વારા ધોરડોને બેસ્ટ ટૂરીઝમ વિલેજ તરીકે જાહેર કરી પ્રવાસન ક્ષેત્રે કચ્છ જિલ્લાએ એક નવું સીમાંકન હાંસલ કર્યું છે. કેન્દ્ર સરકારે બન્ની વિસ્તારમાં ચિત્તાના પુનર્વસન માટે મંજૂરી આપતા હવે અહીંનું બન્ની ગ્રાસ લેન્ડ વૈશ્વિક ફલક પર જાણીતું બનશે તો સાથે સાથે કચ્છ સહિત રાજ્યના પ્રવાસનને પણ વેગ મળશે તેમ તેમણે જણાવ્યું હતું.

**(અશરફ નથવાણી)**

---

## ચાડવા રખાલ રાજ્ય સરકારને હસ્તાંતરિત

આ પ્રસંગે કચ્છના રાજવીઓએ વન સંપદાઓથી ભરપૂર સંરક્ષિત વિસ્તાર "ચાડવા રખાલ"ને ગુજરાત સરકારને હસ્તાંતરિત કર્યો હતો. ૫ હજાર હેક્ટર વિસ્તારને મુખ્યમંત્રીની હાજરીમાં સરકારને હસ્તાંતરિત કરતા રાજકોટના રાજવી માંધાતાસિંહે જણાવ્યું હતું કે, કચ્છના મહારાજા પ્રાગમલજી બીજાએ જીવસૃષ્ટિ પ્રત્યે સંવેદના દાખવીને વન સંપદાઓ તેમજ પશુ પક્ષીઓ ધરાવતા વિસ્તારને સંરક્ષિત

કર્યો હતો. કચ્છના રાજવીઓએ આજદિન સુધી આ વિસ્તારના સંરક્ષણનું કાર્ય કર્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## હેણોત્તરો બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર

ભુજ તાલુકાનાંસામત્રા ગામ નજીકના ચાડવા રખાલ વિસ્તારમાં કેરેકલ એટ્લે કે હેણોતરો બ્રીડીંગ એન્ડ કન્ઝર્વેશન સેન્ટર વિકસાવવા રાજ્ય સરકાર ૧૦ કરોડ રૂપિયા ફાળવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે માંડવીમાં આયોજીત કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી.

સમગ્ર દેશમાં અતિ દુર્લભ તથા ગુજરાતમાં માત્ર કચ્છ જિલ્લામાં જ જોવા મળતા કેરેકલ ના લાંબા ગાળાના સંરક્ષણ અને સંવર્ધન માટે આ વિસ્તારને કેરેકલ પ્રજનન અને સંરક્ષણ વિસ્તાર તરીકે વ્યવસ્થાપિત કરવામાં આવશે.

કચ્છની મહત્વની પ્રાકૃતિક ધરોહર સમા આ ચાડવા રખાલ ખાતે કેરેકલ-હેણોતરો ઉપરાંત દિપડા, મગર, ચિંકારા, ઘોર ખોદીયું, શિયાળ જેવા ૨૮ જેટલા સસ્તન, ૨૮ સરિસૃપ અને ૨૪૨ વિહંગ પ્રજાતિ મળી કુલ ૨૯૬ જેટલી પ્રજાતિની પ્રાણીજ વૈવિધ્યતા જોવા મળે છે. એટલું જ નહિ, ૨૪૩ જેટલી પ્રજાતિની વાનસ્પતિક વૈવિધ્યતા પણ આ વિસ્તારમા છે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## હાથશાળ અને હસ્તકલા

હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રે ઉમદા કામગીરી કરનારા રાજ્યના 11 કારીગરોને સમ્માનિત કરવામાં આવશે. ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ 2026 અંતર્ગત કારીગરોને પ્રોત્સાહન મળે તે હેતુથી અંદાજે 25 લાખ રૂપિયાના ખર્ચે હસ્તકલાના 11 જેટલા કારીગરોને તેમના ક્ષેત્ર અનુસાર પુરસ્કૃત કરાશે. ટેક્સટાઇલ, ભરતકામ, મોતીકામ, ચર્મકામ, માટીકામ, લાકડું

તેમજ વાંસકામ સહિતના અન્ય ક્રાફ્ટ ક્ષેત્રોમાંથી ઉત્કૃષ્ઠ કામગીરી કરતા કારીગરોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------------